Description Of Property: All Piece And Parcel Of G.h.b. Scham No.216, Lig, Block No.7, Aanand Nagar Colony, Flat No. L/84 Having A Built-up Area 50-00 Sq. Mtrs, C.s.w. No. 10, C.s.no.2395paiki Flat No.84, Block No. L/7, Aanand Nagar Quarter, Opp. Shiv Shakti Store, G.h.b, Lig, Block No.7, Aanand Nagar Colony, Flat No. L/84, Opp. Balaji Shop 1, Nr. Nilkanth Cinema, Off. Anandnagar Main Road, Rajkot, Street / Sector Name: Aanand Nagar Main Road,nearest Landmark: Opp. Balaji Shop 1,city: Rajkot, District: Rajkot, State: Gujarat-360002. Boundary: - North: Flat No. L-83, South: Margin Space Then Road, East: Flat No. L-81, West: Margin Space Then Block No.8			
LABHCLLONS000005064304/AP-10152174, MRS. TRUPTIBEN PATEL W/O PAVANBHAI & MR. PAVAN PATEL	**DATE: 13.04.2026 RS. 5,38,436/-** (Rupees Five Lakh Thirty Eight Thousand Four Hundred Thirty Six Only)	**Symbolic Possession**	**RS.5,97,600/- RS.59,760/-**
Description Of Property: All Piece And Parcel Of Vadva Rs No.61 & 62, Flat No.m/394, Situate On Second Floor,of Which Land Area Admeasuring 51.36 Sq.mtrs Of 96 Mig, Gujarat Housing Board, Anandnagar, Vadva Village Nava Bandar Road, Bhavnagar Gujarat 364001. Boundary: - East: Stairs & Flat No.395, West: Flat No.383, North: Margin Space, South: Flat No.393			
HLJTSVLONS000005164063/AP-10379499, MRS. PRITIBEN DINESHBHAI PAGHDAR & MR. DINESHBHAI KHODABHAI PAGHADAR	**DATE: 12.07.2026 RS. 8,56,065/- (Rupees Eight Lakh Fifty-Six Thousand And Sixty Five Only)**	**Symbolic Possession**	**RS.19,09,100/- RS.1,90,910/-**
Description Of Property: All Piece And Parcel Of One Residential Property Of Jetpur R.s No.963 Paiki, A , 3-12g Residencial Purpose N.a Land Paikee Plot No.17,of Which Land Area Admeasuring About 124.00 Sq.yards, I.e 148.30 Situated At Wadi Area At Jetpur Dist: Rajkot Gujarat :360370. Boundary: East: Plot No.15 Land And Common Plot, West: 7.50 Mt. Wide Road, North: Plot No.16, South: Plot No.18			

Terms and conditions: 1) The prescribed Tender/ Bid Form and the terms and conditions of sale will be available with the Branch/Corporate Office: : **Parimal prime, 3rd floor, 15A Sardarnagar, Sarveshwar Chowk, Dr Yagnik Road, Rajkot, Gujarat- 360001, Shopper Plaza, Third Floor, Office No:- 303-304, Parimal Chowk, Waghawadi Road, Bhavnagar –Gujarat 364001.** between 10.00 a.m. to 5.00 p.m. on any working day. 2) The immovable property shall not be sold below the Reserve Price. 3) All the bids/ tenders submitted for the purchase of the above property/s shall be accompanied by Earnest Money as mentioned above. EMD amount favouring the "India Shelter Finance Corporation Limited" payable at Delhi. The EMD amount will be return to the unsuccessful bidders after auction. 4) The highest bidder shall be declared as successful bidder provided always that he/she is legally qualified to bid and provided further that the bid amount is not less than the reserve price. It shall be the discretion of the Authorized Officer to decline/ acceptance of the highest bid when the price offered appears inadequate as to make it inadvisable to do so. 5) The prospective bidders can inspect the property on **25.11.2026** between 11.00 A.M and 5.00 P.M with prior appointment. 6) The person declared as a successful bidder shall, immediately after the declaration, deposit 25% of the amount of purchase money/ highest bid which would include EMD amount to the Authorised Officer within 24 Hrs. and in default of such deposit, the property shall forthwith be put to fresh auction/ sale by private treaty. 7) In case the initial deposit is made as above, the balance amount of the purchaser money payable shall be paid by the purchaser to the Authorized Officer on or before the 15th day from the date of confirmation of the sale of the property, exclusive of such day or if the 15th day be a Sunday or other holiday, then on the first office day after the 15th day. 8) In the event of default of any payment within the period mentioned above, the property shall be put to fresh auction/ sale by private treaty. The deposit including EMD shall stand forfeited by India Shelter Finance Corporation Ltd. and the defaulting purchaser shall lose all claims to the property. 9) The above sale shall be subject to the final approval of ISFC, interested parties are requested to verify/confirm the statutory and other dues like Sales/Property tax, Electricity dues, and society dues, from the respective departments / offices. The Company does not undertake any responsibility of payment of any dues on the property. 10) TDS of 1%, if any, shall be payable by the highest bidder over the highest declared bid amount. The payment needs to be deposited by the highest bidder in the PAN of the company and the copy of the challan shall be submitted to the company. 11) Sale is strictly subject to the terms and conditions incorporated in this advertisement and into the prescribed tender form. 12) The successful bidder/purchaser shall bear all stamp duty, registration fees, and incidental expenses for getting sale certificate registered as applicable as per law. 13) The Authorized Officer has the absolute right to accept or reject the bid or adjourn / postpone / cancel the tender without assigning any reason thereof and also to modify any terms and conditions of this sale without any prior notice.

14) **Interested bidders may contact Mr. Aashish Bhatt & Mr. Kishan Chauhan Mob- 7874110000/6354053032during office hours (10.00AM to 6.00 PM).**

15 DAYS SALE NOTICE TO THE BORROWER/GUARANTOR/MORTGAGOR

The above mentioned Borrowers/Mortgagors/guarantors are hereby noticed to pay the sum as mentioned in Demand Notice under section 13(2) with as on date interest and expenses before the date of Auction failing which the property shall be auctioned and balance dues, if any, will be recovered with interest and cost from you.

Date : 16.11.2026 For India Shelter Finance Corporation Ltd
Place: GUJARAT Mr. Kushal Panchal, Mob- 7778966011

સિન્ધી સમાજનુ સ્નેહમિલન યોજાયુ

ભાવનગર શહેરમા સિંધી સમાજના કાર્યકર્તાઓનો સ્નેહમિલન કાર્યક્રમ પ્રેમભાઈ કુકડીયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. દરમિયાન કનુભાઈ રેલવાણીએ સર્વ જ્ઞાતિજનોને નવા વર્ષના હાર્દિક શુભકામના પાઠવી હતી. સ્ત્રીભૃણ હત્યા, સમાજના કુરિવાજો વિરોધી ઠરાવ ભગવાનભાઈ અંદાણી દ્વારા કરાયો હતો. શૈક્ષણિક વિકાસ, બેટી પઢાવો વિશે માર્ગદર્શન અપાયુ હતુ. ધર્મેશભાઈ રાજાઈએ દિપ પ્રાગટ્ય હતુ. કાર્યકર્તાઓએ પરસ્પર નુતન વર્ષની શુભેચ્છાની આપ-લે કરી હતી.

પાલીતાણાના શત્રુંજય તીર્થમાં ઉપધાન તપની આરાધનામા મોટી સંખ્યામાં આરાધકો જોડાયા

જ્ઞાન પંચમીની પુજા, તપશ્ચર્યા અને ભક્તિભાવનો અનોખો સંગમ


(તસવીર : મુકેશ સોમપુરા)

। પાલીતાણા (સંદેશ બ્યુરો) ।

પાલિતાણા શાશ્વત તીર્થ શત્રુંજય ગિરિરાજની પવિત્ર ધરા પર ભવ્ય ઉપધાનતપની આરાધના ભક્તિભાવ અને ધાર્મિક માહોલમાં ચાલી રહી છે. આ ઉપધાનતપમાં મોટી સંખ્યામાં આરાધકો જોડાઈને વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો અને તપશ્ચર્યાની આરાધના કરી રહ્યા છે. જ્યોતિષ પ્રભાવક આચાર્ય અરુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા. શતવર્ષીય પંચાંગ નિર્માતા આચાર્ય અરવિંદસાગર સૂરીશ્વરજી મ.સા. અધ્યાત્મદેશના દાતા આચાર્ય અમરપદ્મસાગર સૂરીશ્વરજી મ.સા. તથા હીરપદ્મસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં આ ભવ્ય ઉપધાનતપનું આયોજન કરવામાં આવ્યું છે.

સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં યોજાઈ રહેલી આ આરાધનામાં જ્ઞાન પંચમી ભવ્ય પુજા સહીત ધાર્મિક કાર્યક્રમો, તપશ્ચર્યા અને ભક્તિભાવનો અનોખો સંગમ જોવા મળી રહ્યો છે. મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ઉપધાનતપની આરાધનામાં ઉત્સાહપૂર્વક જોડાઈ ધર્મલાભ લઈ રહ્યા છે. આ ભવ્ય ઉપધાનતપના લાભાર્થી તરીકે ઈન્દિરાબેન લહેરચંદભાઈ તથા દીપિકાબેન દિલીપભાઈ શાહ પરિવાર દ્વારા આયોજનના કરવામા આવ્યું છે.

આદિવાસી સમાજની ગૌરવશાળી સંસ્કૃતિ અને પરંપરાની અમૂલ્ય ધરોહર બિરસા મુંડા

બિરસા મુંડાની જન્મજયંતીએ ભાવનગરમા જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરાઈ

અંગ્રેજ શાસનના અન્યાય-શોષણ સામે અવાજ ઉઠાવ્યો : સાહસ, સ્વાભિમાન અને રાષ્ટ્રસેવાની ભાવનાની પ્રેરણા આપતુ જીવન



(તસવીર : કુંદન મકવાણા)

। ભાવનગર ।

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ભાવનગરના યશવંતરાય નાટ્યગૃહ ખાતે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગનાં ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જરના અધ્યક્ષસ્થાને તથા મેયર ઉષાબેન તલરેજાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાનો જનજાતીય ગૌરવ દિવસ ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગનાં ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જરે જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાએ અંગ્રેજ શાસનના અન્યાય અને શોષણ સામે આદિવાસી સમાજને સંગઠિત કરી જળ, જંગલ અને જમીનના અધિકારો માટે સંઘર્ષ કર્યો હતો. તેમનું જીવન સાહસ, સ્વાભિમાન અને રાષ્ટ્રસેવાની પ્રેરણા આપે છે. જનજાતીય ગૌરવ દિવસ આદિવાસી સમાજના શૌર્ય, સંસ્કૃતિ અને ગૌરવશાળી વારસાને સન્માનવાનો અવસર છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ, આરોગ્ય, આવાસ અને રોજગાર ક્ષેત્રે અમલી વિવિધ યોજનાઓ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસમાં મહત્ત્વપૂર્ણ બની રહી છે.

બાળ અધિકારો અંગે તેમણે જણાવ્યું હતું કે, બાળકોને શિક્ષણ, સંસ્કાર અને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવું એ સમાજની સહિયારી જવાબદારી છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે બાળકોનું યોગ્ય ઘડતર અનિવાર્ય છે. બાળકોના અધિકારોનું રક્ષણ કરી તેમના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં સહભાગી બનવા તેમણે સૌને અપીલ કરી હતી. મેયર ઉષાબેન તલરેજાએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાનું જીવન સ્વાભિમાન, સંઘર્ષ અને સમાજસેવાની અખૂટ પ્રેરણા આપે છે. આદિવાસી સમાજની ગૌરવશાળી સંસ્કૃતિ અને પરંપરા દેશની અમૂલ્ય ધરોહર છે. યુવા પેઢીએ ભગવાન બિરસા મુંડાના જીવનમાંથી આત્મસન્માન, સંગઠિત શક્તિ અને શિક્ષણનું મહત્ત્વ સમજી સમાજના સર્વાંગી વિકાસમાં સક્રિય યોગદાન આપવું જોઈએ.

કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ તેમજ રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર રમતવીરોનું સન્માન કરવામાં આવ્યું હતું. આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓ અને સિદ્ધિઓની ઝાંખી દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મ તથા વડાપ્રધાનશ્રીના વર્ચ્યુઅલ સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે આત્મા ઉન્નતિ યુવક મંડળના કલાકારોએ આદિવાસી સમાજની સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાની ઝાંખી કરાવતું મનમોહક પરંપરાગત લોકનૃત્ય રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા તા. ૧૨થી ૧૮ નવેમ્બર દરમિયાન રાજ્યભરમાં જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આદિજાતિ વિકાસ અધિકારી કાજલબેન ચાવડાએ આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, કુમાર શાહ, દિગ્વિજયસિંહ ગોહિલ, અભયસિંહ ચૌહાણ, લાલભા વાળા ઉપસ્થિત રહ્યા હતા.

તળાજા-પાલીતાણા માર્કેટીંગ યાર્ડના મામલે જુદી જુદી ફરીયાદ દાખલ થયા બાદ

તળાજાના મહંમદ તકીના ગોડફાધર કોણ ? પોલીસ જેલમાંથી કબ્જો મેળવી ખોલશે રાઝ

તળાજાનો આરોપી સાકીરઅલી શેખ મહંમદ તકીનું પ્યાદુ :પો.ઈ શીંગરખિયા

। તળાજા (સંદેશ બ્યુરો) ।

જરૂરિયાતમંદ વ્યક્તિઓનો પોતાના બદઈરાદા માટે લાભ લઈને પાલીતાણા અને તળાજા માર્કેટીંગયાર્ડ ના વેપારી તરીકેના ખોટા દસ્તાવેજો બનાવીને સુરત ની યુ.કો બેંક મા ખાતું ખોલાવીને રૂપિયા ની લેવડ દેવડ કરવાના આરોપ સબબ પ્રથમ પાલીતાણા બાદ તળાજા માર્કેટીંગ યાર્ડના સેક્રેટરીએ નોંધાવેલ બે અલગ અલગ ફરિયાદો ની તપાસ સ્થાનિક પોલીસે કર્યા બાદ હાલ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પો.ઇ સિંગરખિયા તપાસ ચલાવી રહ્યા છે.

ઇન્વેસ્ટિગેશન ઓફિસર સિંગરખિયાએ ટેલિફોનિક વાતમાં જણાવ્યું હતુ કે પાલીતાણા અને તળાજાના બંને ગુન્હામા જે આરોપીઓ પકડાયા છે. તેને તપાસતા તળાજા મહંમદતકી રાજાણી માસ્ટર માઈન્ડ હોવાનુ સામે આવ્યુછે. મહામદતકી રાજાણીની તળાજા શાક માર્કેટમા કરિયાણાની દુકાન છે. તે સાયબર ક્રાઈમ ના આરોપ સબબ અનેક વખત જેલવાસ કરી આવેલ છે. બોટાદ ઉપરાંત સ્ટેટ સાયબર સેલ વિભાગ દ્વારા પણ મહંમદતકી ની ભૂમિકા બાબતે તપાસ કરેલ છે. હવે તળાજા અને પાલીતાણા ના બંને ગુન્હામા પણ તેમની મહત્વની ભૂમિકા સામે આવતા ભાવનગર જિલ્લા જેલમાં રહેલ મહંમદતકી રાજાણીનો આવતીકાલ સોમવારે કબ્જો લેશે.

મહંમદતકી રાજાણીનો કબ્જો લઈ તેઓએ આ રીતે કેટલા વ્યક્તિને લાલચ આપીને યાર્ડના ખોટીરીતે ખાતાઓ ખોલાવ્યા છે? યાર્ડના ખોટા ખાતાઓ ઉપરાંત કોનાકોના બેંક એકાઉન્ટ નો ઉપયોગ કરીરહ્યો છે અથવાતો કરાવી રહ્યોછે.મહંમદતકી આવા ગુન્હાઓનો માસ્ટર માઈન્ડ ગણાયછે પરંતુ તેને પણ એક પ્યાદુજ ગણવામાં આવેછે.તે કોના કોના માટે કામ કરીરહ્યો છે. રૂપિયા ક્યાંથી આવેછે અને કોને કોને કઈ રીતે પહોંચાડે છે તેવા અનેક સવાલોના જવાબ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ મેળવશે.

તળાજા યાર્ડના સેક્રેટરીએ સાકીરઅલી સફીભાઈ શેખ રે.તળાજા વિરુદ્ધ ફરિયાદ નોંધાવીછે તે ગુન્હાના કામે પોલીસે કરેલ તપાસમાં તેમના ખાતામાં અઢારેક લાખ નું ટ્રાન્જેક્શન થયુહોવાનું પોલીસે જણાવ્યું હતુ.સાકીરઅલી શેખ તળાજા યાર્ડમા મજૂરીકામ કરતો હોવાનું અને તેને રૂપિયા ની લાલચ આપીને પોતાનો બદઈરાદો પાર પાડવા માટેનું ભેજુ મહંમદતકી નુજ ચાલ્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવી રહ્યું છે.

તળાજાના મહંમદતકી બાદ તપાસ કેમ અટકી જાય છે?!

બોગસ બીલિંગ, સાયબર ક્રાઇમ,માર્કેટીંગ યાર્ડના વેપારી તરીકે ખોટા દસતવેજો ઉભા કરવા, ભાડે બેંક એકાઉન્ટ મેળવવા જેવા ગુન્હાઓમા બોટાદ, પાલીતાણા, તળાજા સહિતના સ્થળોએ નોંધાયેલ ફરિયાદમા તળાજાના મહંમદતકી રાજાણીનું નામ ક્યાંકને ક્યાંક આરોપી તરીકે પોલીસ નિવેદનમાં ખુલ્લે છે.માસ્ટર માઈન્ડ પણ કહેવામાં આવે છે. પરંતુ આજ સુધીની તપાસમા મહંમદતકી બાદ તેમની ઉપર કોણ છે તે નામ હજુ સુધી પોલીસ કહી શકી નથી. મહંમદતકી બાદ તપાસ અટકી જાય છે ત્યારે આ કેસમાં પોલીસ આશાવાદી છેકે ઝડપાયેલા આરોપીઓના ફરધર રિમાન્ડ મેળવીને ગુન્હામાં વધુ કોણકોણ સંડોવાયેલા છે તેની તપાસ કરવામાં આવશે.

ભાવનગર-અંબાજી રૂટ પર નવી નિયમિત અને કાયમી બસ સેવાનો આજથી આરંભ

। ભાવનગર ।

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) ના ભાવનગર વિભાગના વિભાગીય નિયામક પિલવાઈકર દ્વારા ભાવનગર ડેપો દ્વારા ભાવનગર-અંબાજી રૂટ પર નવી કાયમી બસ સેવાનો આવતીકાલ તા.૧૬ મીને સોમવારથી આરંભ થશે. ભાવનગરથી અંબાજી બસનુ પ્રસ્થાન સાંજે ૭:૦૦ વાગ્યે થશે. ભાવનગરથી ઉપડતી આ બસ રાત્રિના પ્રવાસ દ્વારા મુસાફરોને બીજા દિવસે વહેલી સવારે અંબાજી પહોંચાડશે. આ બસ અંબાજીથી બપોરે ૨:૦૦ વાગ્યે પ્રસ્થાન થશે.

ભાવનગરથી અમદાવાદ, ગાંધીનગર, વિસનગર, વડનગર, દાંતા અને અંબાજી તરફ પ્રવાસ કરતા શ્રદ્ધાળુઓ, પર્યટકો અને સ્થાનિક નાગરિકો માટે ઉપયોગી બનશે. મુસાફરો પોતાની બેઠકો અગાઉથી સુરક્ષિત કરવા માટે GSRTC ની અધિકૃત ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (OPRS) વેબસાઈટ અથવા મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરી શકે છે.

રાજુલામાં મોડીફાય કરેલા બુલેટ, ઊંચા અવાજના સાયલેન્સર સામે કાર્યવાહી

। રાજુલા ।

રાજુલા શહેરમાં ટ્રાફિક નિયમોનું પાલન થાય અને માર્ગ અકસ્માતોના બનાવો અટકાવી શકાય તે હેતુથી રાજુલા પોલીસ દ્વારા વાહનચાલકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાજુલા પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન મોડી રાત્રે રાજુલા બસ સ્ટેશનથી કોહિનૂર વિસ્તાર તરફ એક યુવક રોયલ એનફિલ્ડ બુલેટ પૂરપાટ ઝડપે ચલાવી જતા પોલીસે વાહન રોકાવી તપાસ કરતાં બુલેટમાં મોડીફાય કરેલું ઊંચા અવાજનું સાયલેન્સર, નંબર પ્લેટ વગરનું વાહન તથા ફેન્સી એલઈડી લાઈટનો ઉપયોગ થતો હોવાનું જણાયું હતું. વધુમાં વાહનચાલક પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ પણ ન હોય જેથી વાહનચાલક યુવરાજ જગુભાઈ વાળા (ઉંમર ૨૧ વર્ષ મૂળ રહે. પાદરગઢ, તા. ધારી, જી. અમરેલી, હાલ રહે. નિકોલ, અમદાવાદ)ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજુલા પોલીસ દ્વારા શહેર તેમજ આજુબાજુના વિસ્તારના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે વાહન ચલાવતી વખતે ટ્રાફિકના નિયમોનું પાલન કરે, માન્ય ડ્રાઈવિંગ લાઈસન્સ સાથે રાખે, વાહનમાં નિયત નંબર પ્લેટ અને પ્રમાણિત લાઈટનો ઉપયોગ કરે તથા બિનઅધિકૃત રીતે મોડીફાય કરેલ સાયલેન્સરનો ઉપયોગ ટાળે.

નીલકંઠ ગુરૂકુલમ્ - તળાજા

શિક્ષકો અને સ્ટાફ જોઈએ છે.

- ધોરણ : ૧ થી ૫ — મધર ટીચર - P.T.C./B.A.
- કોમ્પ્યુટર ટાઈપિસ્ટ — ગુજરાતી/અંગ્રેજી ટાઈપિંગના જાણકાર
- ઓફિસ વર્ક અને કોમ્પ્યુટરમાં ઓનલાઈન કામગીરીના જાણકાર
- હોસ્ટેલ વિભાગ માટે ગૃહપતિ

અનુભવીને અગ્રતા આપવામાં આવશે

પોતાનો બાયોડેટા દિવસ- ૫ માં નીચેના નંબર પર મોકલી આપશો. Mo.7818005050

નીલકંઠ ગુરૂકુલમ્ - તળાજા

તળાજા-મહુવા N.H.51, તળાજા, તા. તળાજા, જિ. ભાવનગર.

વિશ્વ માર્ગ અકસ્માત સ્મૃતિ દિવસ નિમિત્તે ટ્રાફિક નિયમોના પાલનના શપથ લેવાયા

બોટાદમાં માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ અર્પણ

। બોટાદ ।

બોટાદ જિલ્લામાં વિશ્વ માર્ગ અકસ્માત સ્મૃતિ દિવસ નિમિત્તે બોટાદના જ્યોતિગ્રામ સર્કલ ખાતે એ.આર.ટી.ઓ. વિભાગ અને ટ્રાફિક પોલીસ દ્વારા નાગરિકોની ઉપસ્થિતિમાં માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારાઓને મીણબત્તી પ્રગટાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સહાયક મોટર વાહન નિરીક્ષક એન.પી. બારૈયા, એ.આર.ટી.ઓ.ની ટીમ અને ટ્રાફિક પોલીસના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત લોકોએ ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા તેમજ માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવાના શપથ ગ્રહણ કર્યા હતા.

એ.આર.ટી.ઓ.ની ટીમ દ્વારા વાહનચાલકો અને નાગરિકોને માર્ગ સલામતીના નિયમો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ 'રાહવીર' (ગુડ સમેરિટન) યોજના વિશે માહિતી આપી હતી. અકસ્માતના 'ગોલ્ડન અવર' દરમિયાન ઈજાગ્રસ્તોની મદદ માટે નાગરિકો નિર્ભય બની આગળ આવે અને માનવજીવન બચાવવામાં સહભાગી બને તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

ક્રાઈમ સંક્ષિપ્ત

વિદેશી દારૂના બે ચપટા સાથે બુધેલનો શખસ ઝડપાયો

ભાવનગર : ઘોઘા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે વેળાએ ભુતેશ્વર ગામના બસ સ્ટેન્ડ પાસે થેલી લઈ શંકાસ્પદ રીતે ઉભેલા અરવિંદ વશરામભાઈ ચારોલીયા (રે. તગડી રોડ, બુધેલ તા. ઘોઘા)ની અટક કરી તલાશી લેતા તેના કબજામાં રહેલી થેલીમાંથી વિદેશી દારૂના ૧૮૦ એમએલના બે ચપટા મળી આવતા બરામત કરી શખસ સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

સિહોરમાંથી ૩ શખસ વિદેશી દારૂની બોટલો સાથે ઝડપાયા

સિહોર : સિહોર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે સિહોર બસ સ્ટેન્ડ ખાતે ઉભેલા રવિ રાજુભાઈ વાઘેલા (કાજાવદર), રાજવીર રાજુભાઈ ભંડારી (ચોરાળી), અર્જુન વિક્રમભાઈ પરમાર (બાખલકા) પાસેથી વિદેશી દારૂની બોટલો નંગ ૩ (કિંમત રૂ. ૧૬૦૦) નાં મુદામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ખેડુતવાસના યુવકનું શિવાજી સર્કલ વિસ્તારમાંથી બાઈક ચોરાયું

ભાવનગર : શહેરના ખેડુતવાસ વિસ્તારમાં મેલડીમાંની ધાર પાસે રહેતા નરેશભાઈ મકુળભાઈ ચુડાસમાએ ભરતનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી કે, ગત તા. ૦૧.૧૧ના રોજ શિવાજી સર્કલ વિસ્તારમાં આવેલ પરિવાર હોસ્પિટલ પાસે કપડાની દુકાન આવેલ હોય ત્યા તેઓના ભત્રીજાને મળવા માટે ગયા ત્યારે બાઈક નંબર જીજે. ૦૪. બીબી-૯૭૬૪ પાર્ક કર્યું હતું તે કોઈ અજાણ્યો શખસ ચોરી કરી નાસી છુટ્યો હતો.

M TEK COPPER LIMITED

(ERSTWHILE KNOWN AS MADHAV COPPER LIMITED)

Registered office: Tenament No. 4-5, Plot No. 2229, C.S. No. 2961, Amardip Society, Waghawadi Road, Bhavnagar – 364001, Gujarat, India

Email: cs@madhavcopper.com; Website: www.madhavcopper.com | CIN: L27201GJ2012PLC072719

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2026

(Rs in lakhs)

Sr. No.	Particulars	Standalone				
		Quarter Ended		Half Year ended		Year ended
		30.09.2026 (Un-Audited)	30.09.2025 (Un-Audited)	30.09.2026 (Un-Audited)	31.09.2025 (Un-Audited)	31.03.2026 (Audited)
1	Total Income from Operations	9297.92	5147.58	17339.65	9784.69	23571.02
2	Net P/L for the period (before tax, exceptional and/or extraordinary item)	166.18	110.81	326.08	213.66	701.49
3	Net P/L for the period (before tax, after exceptional and/or extraordinary item)	166.18	110.81	326.08	213.66	701.49
4	Net P/L for the period tax (after exceptional &/or exceptional items)	122.20	-20.38	226.80	83.88	701.49
5	Total Comprehensive income for the period [Comprising Profit(loss) for the period (after tax) & other comprehensive income (after tax)]	122.20	-20.38	226.80	83.88	448.78
6	Equity share capital (F.V of Rs 5 each)	1357.14	1357.14	1357.14	1357.14	1357.14
7	EPS(of RS 5 each) (not annualised) Basic and Diluted)	0.45	-0.08	0.84	0.31	1.65

1. The above is an extract of the detailed format of the Standalone financial results for the Quarter and Half Year ended Sept 30, 2026 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.
2. The full format of the Standalone financial results for the Quarter ended September 30, 2026 are available on the Stock Exchange websites-www.nseindia.com and on the Company's website www.madhavcopper.com.
3. The results have been prepared in accordance with the Indian Accounting Standards (Ind AS) as prescribed under section 133 of the Companies Act read with relevant rules issued there under.
4. The Unaudited Financial Results of the Company for the quarter and half year ended September 30, 2026 have been reviewed by the Audit committee and approved by the Board of directors at the respective meetings held on Saturday, November 14, 2026 and the limited review with unmodified opinion of the same has been carried out by the Statutory Auditors of the Company.

Place : Bhavnagar.
Date : 14/11/2026

For, M Tek Copper Limited
(Erstwhile Madhav Copper Limited)
Sd/-
Mr. Nilesh Patel
Chairman & Whole-time Director
DIN: 05319890

ફોર્મ નં. CAA.2

[કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 230(3) અને કંપનીઝ (કંપ્રમાઇઝિસ, અરેન્જમેન્ટ્સ એન્ડ એમાલ્ગમેશન્સ) રૂલ્સ, 2016 ના નિયમ 6 અને 7 ને અનુસરીને]
નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ સમક્ષ,
અમદાવાદ બેંચ, કોર્ટ - II
C.A.(CAA)/36(AHM)/2026

મારવાડી ચંદારાણા ઇન્ટરમીડિયરીઝ બ્રોકર્સ પ્રાઇવેટ લિમિટેડ
રજિસ્ટર્ડ ઓફિસ – X – ચેન્જ પ્લાઝા, ઓફિસ નં. 1201 થી 1205, 12મો માળ, બિલ્ડિંગ નં. – 53E, ઝોન – 5, રોડ 5E, ગિફ્ટ સિટી, ગાંધીનગર – 382050, ગુજરાત, ભારત
ઇમેઇલ: compliance.mcibpl@marwadichandarana.com
CIN: U67120GJ2018PTC103596

...... અરજદાર કંપની 5 / રિઝલ્ટિંગ (પરિણામી) કંપની

મારવાડી ચંદારાણા ઇન્ટરમીડિયરીઝ બ્રોકર્સ પ્રાઇવેટ લિમિટેડના સિક્યોર્ડ ક્રેડિટર્સ, અનસિક્યોર્ડ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર હોલ્ડર્સ અને સિક્યોર્ડ માર્કેટ લિંક્ડ ડિબેન્ચર હોલ્ડર્સની સભા(ઓ)ની નોટિસની જાહેરાત

આથી નોટિસ આપવામાં આવે છે કે તારીખ 2 નવેમ્બર, 2026 ના રોજ આપેલા ઓર્ડર (ઉક્ત ઓર્ડર) દ્વારા, માનનીય નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ (NCLT) ની અમદાવાદ બેંચ, કોર્ટ – II એ મારવાડી મેટલ્સ એન્ડ મિનરલ્સ પ્રાઇવેટ લિમિટેડ, મારવાડી સર્વિસિઝ પ્રાઇવેટ લિમિટેડ અને મારવાડી ઇન્વેસ્ટમેન્ટ પ્રાઇવેટ લિમિટેડનું મારવાડી શેર્સ એન્ડ ફાઇનાન્સ લિમિટેડ સાથે એકત્રીકરણ (Amalgamation) તથા મારવાડી શેર્સ એન્ડ ફાઇનાન્સ લિમિટેડના સિક્યોરિટીઝ ટ્રેડિંગ એન્ડ ઇન્ટરમીડિયેશન બિઝનેસનું કંપનીમાં ડિમર્જર (Demerger) અને તેમના સંબંધિત શેરધારકોને સમાવતી કમ્પોઝિટ સ્કીમ ઓફ એરેન્જમેન્ટ (સ્કીમ) ની વિચારણા કરવા અને યોગ્ય જણાય તો સુધારા સાથે અથવા વગર મંજૂર કરવાના હેતુ માટે મારવાડી ચંદારાણા ઇન્ટરમીડિયરીઝ બ્રોકર્સ પ્રાઇવેટ લિમિટેડ (કંપની) ના સિક્યોર્ડ ક્રેડિટર્સ (સિક્યોર્ડ ક્રેડિટર્સ), અનસિક્યોર્ડ નોન–કન્વર્ટિબલ ડિબેન્ચર હોલ્ડર્સ (અનસિક્યોર્ડ NCD હોલ્ડર્સ) અને સિક્યોર્ડ માર્કેટ લિંક્ડ ડિબેન્ચર હોલ્ડર્સ (સિક્યોર્ડ MLD હોલ્ડર્સ) ની સભા(ઓ) યોજવાનો નિર્દેશ આપ્યો છે.

ઉક્ત ઓર્ડરના અનુસરણમાં, કંપનીની ઉપરોક્ત સભા(ઓ) સંબંધિત સિક્યોર્ડ ક્રેડિટર્સ, અનસિક્યોર્ડ NCD હોલ્ડર્સ અને સિક્યોર્ડ MLD હોલ્ડર્સની ભૌતિક ઉપસ્થિતિ વિના વિડિયો કોન્ફરન્સિંગ (VC) મારફતે યોજવામાં આવશે.

ઉક્ત ઓર્ડરના અનુસરણમાં અને તેમાં આપેલા નિર્દેશ મુજબ, આગળ વધારાની નોટિસ આપવામાં આવે છે કે કંપનીના સિક્યોર્ડ ક્રેડિટર્સની સભા બુધવાર, 16 ડિસેમ્બર, 2026 ના રોજ બપોરે 2:00 વાગ્યે (IST) VC મારફતે યોજાશે, કંપનીના અનસિક્યોર્ડ NCD હોલ્ડર્સની સભા બુધવાર, 16 ડિસેમ્બર, 2026 ના રોજ બપોરે 2:30 વાગ્યે (IST) VC મારફતે યોજાશે અને કંપનીના સિક્યોર્ડ MLD હોલ્ડર્સની સભા બુધવાર, 16 ડિસેમ્બર, 2026 ના રોજ બપોરે 3:00 વાગ્યે (IST) VC મારફતે યોજાશે. સંબંધિત સમયે કંપનીના સિક્યોર્ડ ક્રેડિટર્સ, અનસિક્યોર્ડ NCD હોલ્ડર્સ અને સિક્યોર્ડ MLD હોલ્ડર્સને પોતપોતાની સભા(ઓ)માં ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવે છે.

ઓર્ડર મુજબ સભા(ઓ) VC મારફતે યોજવામાં આવી રહી હોવાથી, કંપનીના સિક્યોર્ડ ક્રેડિટર્સ, અનસિક્યોર્ડ NCD હોલ્ડર્સ અને સિક્યોર્ડ MLD હોલ્ડર્સની ભૌતિક હાજરીમાંથી મુક્તિ આપવામાં આવી છે. તે અનુસાર, સિક્યોર્ડ ક્રેડિટર્સ, અનસિક્યોર્ડ NCD હોલ્ડર્સ અને સિક્યોર્ડ MLD હોલ્ડર્સ માટે સભા(ઓ) માટે પ્રોક્સીની નિમણૂક કરવાની સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. જો કે, અધિકૃત પ્રતિનિધિ (Authorised Representative) મારફતે મતદાન કરવાની છૂટ છે.

કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 102 અને અન્ય લાગુ જોગવાઈઓ સાથે વંચાતી લેતાં કલમ 230 અને 232 તથા કંપનીઝ (કોમ્પ્રોમાઇઝિસ, એરેન્જમેન્ટ્સ એન્ડ એમાલ્ગમેશન્સ) રૂલ્સ, 2016 ના નિયમ 6 હેઠળના ખુલાસાત્મક નિવેદન (Explanatory Statement) અને ઉક્ત સ્કીમની નકલો, સભા(ઓ)ની તારીખ સુધી ગુજરાતમાં શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાયના તમામ કામકાજના દિવસોમાં સવારે 10:00 વાગ્યાથી સાંજે 6:00 વાગ્યા વચ્ચે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસમાંથી વિના મૂલ્યે મેળવી શકાશે અથવા compliance.mcibpl@marwadichandarana.com પર ઇમેઇલ દ્વારા કંપનીમાં તમારી બાકી રકમની વિગતો સાથે વિનંતી મોકલીને મેળવી શકાશે.

NCLT એ શ્રી દીપક કુમાર, એડવોકેટ કમ કંપની સેક્રેટરી D/3156/2014 ની કંપનીના સિક્યોર્ડ ક્રેડિટર્સ, અનસિક્યોર્ડ NCD હોલ્ડર્સ અને સિક્યોર્ડ MLD હોલ્ડર્સની સભા(ઓ) અને તેના કોઈ પણ મુલતવી રાખેલ સભા(ઓ) માટે ચેરપર્સન તરીકે નિમણૂક કરી છે. ઉપરોક્ત સ્કીમ, જો ઉપરોક્ત સભા(ઓ)માં મંજૂર કરવામાં આવશે તો, માનનીય NCLT ની ત્યારબાદની મંજૂરીને આધીન રહેશે.

કંપનીના તમામ સિક્યોર્ડ ક્રેડિટર્સ, અનસિક્યોર્ડ NCD હોલ્ડર્સ અને CP હોલ્ડર્સને જણાવવામાં આવે છે કે

1. અન્ય બાબતોની સાથે ખુલાસાત્મક નિવેદન સહિત ઉપરોક્ત સભા(ઓ)ની નોટિસ કંપનીના એવા સિક્યોર્ડ ક્રેડિટર્સ, અનસિક્યોર્ડ NCD હોલ્ડર્સ અને સિક્યોર્ડ MLD હોલ્ડર્સને તેમના રજિસ્ટર્ડ ઇમેઇલ સરનામે ઇમેઇલ કરવામાં આવી છે, જેમના નામ 30 જૂન, 2026 ના રોજ કંપનીના ચોપડામાં દર્શાવેલ છે. એવા સિક્યોર્ડ ક્રેડિટર્સ, અનસિક્યોર્ડ NCD હોલ્ડર્સ અને સિક્યોર્ડ MLD હોલ્ડર્સ કે જેમની ઇમેઇલ આઈડી કંપની પાસે રજિસ્ટર્ડ નથી, તેમને નોટિસ રજિસ્ટર્ડ પોસ્ટ / સ્પીડ પોસ્ટ / કુરિયર / હેન્ડ ડિલિવરી દ્વારા અને વિનંતી કરનારાઓને મોકલવામાં આવી છે.
2. NCLT ના ઓર્ડર મુજબ, કંપનીના સિક્યોર્ડ ક્રેડિટર્સ, અનસિક્યોર્ડ NCD હોલ્ડર્સ અને સિક્યોર્ડ MLD હોલ્ડર્સ પાસે સ્કીમની મંજૂરી માટેના ઠરાવ પર (a) રિમોટ ઈ–વોટિંગ જે સભા(ઓ)ના ત્રણ દિવસ અગાઉ એટલે કે 13 ડિસેમ્બર, 2026 ના રોજ સવારે 9:00 વાગ્યાથી શરૂ થઈને 15 ડિસેમ્બર, 2026 ના રોજ સાંજે 5:00 વાગ્યા સુધી ચાલશે (b) સભા(ઓ) દરમિયાન ઈ–વોટિંગ દ્વારા પોતાનો મત આપવાની સુવિધા અને વિકલ્પ રહેશે. તેમજ, જે સિક્યોર્ડ ક્રેડિટર્સ, NCD હોલ્ડર્સ અને સિક્યોર્ડ MLD હોલ્ડર્સે મત આપ્યો નથી તેઓ સભામાં ઈ–વોટિંગ સિસ્ટમ મારફતે મત આપી શકે તે માટે સભા પૂરી થયા પછી 15 મિનિટ સુધી ઈ–વોટિંગ ખુલ્લું રાખવામાં આવશે. મતદાનના અધિકારો કટ–ઓફ તારીખ એટલે કે 30 જૂન, 2026 ના રોજ તેમની બાકી લેણી રકમના પ્રમાણમાં રહેશે, અને કટ–ઓફ તારીખે કંપનીના સિક્યોર્ડ ક્રેડિટર્સ, અનસિક્યોર્ડ NCD હોલ્ડર્સ અથવા સિક્યોર્ડ MLD હોલ્ડર્સ હોય તેવી જ વ્યક્તિ મત આપવા માટે હકદાર રહેશે. સભા(ઓ) માટે ઈ–વોટિંગ સુવિધા પૂરી પાડવાના હેતુથી કંપનીએ CDSL ની સેવાઓ લીધી છે.
3. દરેક સભા(ઓ) માટે તપાસનીશ (Scrutinizer) નો રિપોર્ટ મળ્યા પછી સભા(ઓ)ના ચેરપર્સન દ્વારા લિખિતમાં મતદાન પરિણામની જાહેરાત કરવામાં આવશે. જાહેર કરાયેલ પરિણામો, સ્ક્રુટિનાઇઝરના રિપોર્ટ સાથે, પરિણામોની જાહેરાત પછી તરત જ કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ ખાતે પ્રદર્શિત કરવામાં આવશે અને કંપનીની વેબસાઇટ પર પણ અપલોડ કરવામાં આવશે.
4. VC મારફતે સભા(ઓ)માં હાજરી આપવા માટે અને સભા(ઓ) દરમિયાન ઈ–વોટિંગ માટેની જરૂરી સૂચનાઓ 13 નવેમ્બર, 2026 ના રોજની સંબંધિત નોટિસમાં આપવામાં આવી છે.
5. કંપનીની ઉપરોક્ત સભા(ઓ)ની નોટિસ કંપનીની વેબસાઇટ (www.marwadichandaranagroup.com) પર, તેમજ સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિઝ (ઇન્ડિયા) લિમિટેડ ('CDSL') ની વેબસાઇટ www.evotingindia.com પર પણ અપલોડ કરવામાં આવી છે, જે સભા(ઓ) માટે રિમોટ ઈ–વોટિંગ / ઈ–વોટિંગ અને અન્ય સુવિધાઓ પૂરી પાડવા માટે કંપની દ્વારા નિયુક્ત ઈ–વોટિંગ એજન્સી છે. વધુમાં, કંપનીના અનસિક્યોર્ડ NCD હોલ્ડર્સ અને સિક્યોર્ડ MLD હોલ્ડર્સની સભા(ઓ)ની નોટિસ BSE લિમિટેડ ("BSE") ની વેબસાઇટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે, જે સ્ટોક એક્સચેન્જ છે જ્યાં કંપનીના નોન–કન્વર્ટિબલ ડિબેન્ચર્સ અને માર્કેટ લિંક્ડ ડિબેન્ચર્સ લિસ્ટેડ છે.
6. NCLT ના નિર્દેશ મુજબ, સભા(ઓ) અગાઉ રિમોટ ઈ–વોટિંગ તેમજ સભા(ઓ) દરમિયાન ઈ–વોટિંગ પ્રક્રિયાની તપાસ (Scrutinize) કરવા માટે શ્રી ગૌરાંગ શાહ F–12870,COP–14446,ની સ્ક્રુટિનાઇઝર તરીકે નિમણૂક કરવામાં આવી છે.
7. જો ઉક્ત VC સભા(ઓ)માં હાજરી આપવા અંગે અથવા કંપનીની સભા(ઓ)માં ઈ–વોટિંગ અંગે કોઈ પણ કોઈ પ્રશ્ન કે સમસ્યા હોય, તો તમે કંપનીના કંપની સેક્રેટરીનો ઇમેઇલ આઈડી compliance.mcibpl@marwadichandarana.com પર સંપર્ક કરી શકો છો.
8. વધુમાં, ઓનલાઇન સંબંધિત કોઈપણ ટેકનિકલ સમસ્યાઓ માટે હેલ્પડેસ્કની વિગતો નીચે મુજબ છે.

NSDL પાસે ડીમેટ સ્વરૂપમાં સિક્યોરિટીઝ ધરાવતા ડિબેન્ચર હોલ્ડર્સ અને સિક્યોર્ડ MLD હોલ્ડર્સ	evoting@nsdl.com પર ઇમેઇલ કરો અથવા ફોન કરો 022–4886 7000
CDSL પાસે ડીમેટ સ્વરૂપમાં સિક્યોરિટીઝ ધરાવતા ડિબેન્ચર હોલ્ડર્સ અને સિક્યોર્ડ MLD હોલ્ડર્સ	helpdesk.evoting@cdslindia.com પર ઇમેઇલ કરો અથવા સંપર્ક કરો 1800 21 09911
સિક્યોર્ડ ક્રેડિટર્સ	helpdesk.evoting@cdslindia.com પર ઇમેઇલ કરો અથવા ફોન કરો 022–4886 7000

સ્થળ: ગાંધીનગર
તારીખ: 16 નવેમ્બર, 2026

સહી/-
દીપક કુમાર,
સભા(ઓ) માટે નિમાયેલ ચેરપર્સન